ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકારનું ઉપક્રમ)
ઉદ્યોગભવન, બ્લોક નં. ૩,૪,૫ બીજો માળ, સેકટર–૧૧, ગાંધીનગર
ફોન નં.(૦૭૯) ૨૩૨૫૦૬૩૨,૩૪ થી ૩૭ ફેક્સ:– ૯૫–૭૯–૨૩૨૫૦૫૮૭.

## : જીઆઈડીસીના ફાળવણીદારો માટે ઓનલાઈન અરજી કરવા બાબતે અગત્યની સૂચના:

જીઆઈડીસી ધ્વારા ઔદ્યોગિક વિકાસના હેતુસર ગુજરાત ખાતે વિવિધ વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે અને ઔદ્યોગિક પ્લોટની સાથે સાથે રહેણાંક તેમજ વાણિજ્ય પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે. ફાળવણીદારોના રોજબરોજના કામો જેવા કે, મિલ્કતોની તબદીલી, પેટા વિભાજન, એકત્રીકરણ, નકશા મંજુર કરાવવા વિગેરેની કાર્યવાહી વધુ સુવિધાજનક બને અને ઝડપથી અરજીઓના નિકાલ થાય તેમજ ફાળવણીદારોના સમયની બચત થાય તે હેતુસર નિગમ ધ્વારા ઓનલાઈન અરજી સ્વીકારવાની અનિવાર્ય કરવામાં આવેલ છે, કે જે નિગમની વેબસાઈટ ઉપરથી કરી શકાય છે. નિગમની વેબસાઈટ "**www.gidc.gov.in**" ઉપર મૂકવામાં આવેલ **IFP** પોર્ટલમાંથી જમીન, પાણી કનેકશન, ડ્રેનેજ કનેકશન અને નકશા મંજુરની અરજી ફાળવણીદારોને ઓનલાઈન કરવા નિગમ ધ્વારા વિનંતી કરવામાં આવે છે.

વધુમાં અન્ય બાબતો જેવી કે લીઝડીડ, ૨(આર) / ૨(એસ), તબદીલી, પેટા વિભાજન, એકત્રીકરણ, પેટા ભાડે, **ROU** વિગેરે બાબતે પણ જીઆઈડીસી ધ્વારા ઓનલાઈન અરજી સ્વીકારવાનું નકકી કરવામાં આવેલ છે. આથી ઉકત બાબતો માટે નિગમની વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી તેનો બહોળો લાભ લેવા દરેક ફાળવણીદારને વિનંતી કરવામાં આવે છે. જીઆઈડીસી ધ્વારા ફાળવણીદારોની અરજીનો ઝડપથી નિકાલ થાય તે હેતુસર બધી જ કાર્યવાહી ઓનલાઈન કરવાનુ નકકી કરવામાં આવેલ છે, જેની નિગમના તમામ ફાળવણીદારોને જાણ થવા વિનંતી છે.

તા. ૧૫/૦૫/૨૦૧૭
ગાધીનગર.

સહી/–
ડી. થારા
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર.